ફોજદારી કેસ નં.                    /૨૦૨૩

**આંક–૧ નીચે હુકમ**

સદરહું કેસનું રોજકામ વંચાણે લીધું. સદર કેસના કાગળો વંચાણે લીધા. આરોપી સામે પ્રોહી. એકટની કલમ ૬૬(૧) બી મુજબનું તહોમત છે. સદર કેસ પેપર્સ વંચાણે લેતા એફ.એસ.એલ. રીપોર્ટ કે કોઈ મેડીકલ પેપર્સ આ કામે રજે નથી. હાલના કેસમાં આરોપી સામે પોલીસ તપાસના ચાર્જશીટ આધારે આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ થયેલ. સદર કેસના આરોપીને સમન્સ/વોરંટ વારંવાર કાઢવામાં આવેલ છે. આરોપીને સમન્સ/વોરંટ બજે કે વગર બજે પરત આવેલ છે પરંતુ આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ નથી કે ફરીયાદપક્ષ આરોપીઓને હાજર રાખવામાં સફળ થયેલ નથી. જેથી આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસતંત્રને હવે વધુ તકો આપવી ઉચિત જણાતુ નથી.

પી.રામચંદ્ર રાવ વિરૂધ્ધ કર્ણાટક રાજય–૨૦૦૨(૨) જી.એલ.આર. પાના નં–૧૫૪૯ ઉપર પ્રસિધ્ધ થયેલ કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટના માનનીય સાત ન્યાયાધીશોની બેંચે ઠરાવેલ છે કે The Ciriminal Courts should exercise their available powers, such as those under sections-309, 311, 258 of the Code of Criminal Procedure-1973 to efectual the right to speedy trial. આ ઉપરાંત આપણી નામદાર હાઈકોર્ટના પત્ર નં–૨૯૧૭/૨૦૦૬, તા.૧૭/૧૦/૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા નીચલી અદાલતોને એવી સુચના આપવામાં આવેલ છે કે, આરોપીઓને અદાલત સમક્ષ હાજર રખાવવા બાબતે અદાલત પોલીસતંત્રને મર્યાદિત તકો આપી યોગ્ય કીસ્સાઓમાં સી.આર.પી.સી. કલમ–૨૫૮ અન્વયે મળેલ સત્તાઓનો ઉપયોગ કરે.

આમ કાયદાની ઉપરોકત પરીસ્થિતિના પ્રકાશમાં હાલના કેસના સંજોગો જોતા, પોલીસતંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવામાં નીષ્ફળ નીવડેલ છે જેથી હવે પોલીસતંત્રને વધુ સમય આપવો ઉચિત જણાતુ નથી. આ સંજોગોમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

**હુ ક મ**

આરોપી વિરૂધ્ધની ઈન્સાફી કાર્યવાહી સી.આર.પી.સી.ની કલમ–૨૫૮ અન્વયે સ્થગિત કરી આરોપીને બિનતહોમત છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે.

સદર કામે જો આરોપીની જામીનગીરીની રોકડ રકમ જમા કરાવેલી હોય તેવી રકમ સી.આર.પી.સી.ની કલમ–૪૪૬ મુજબ નાઝરશ્રીએ સરકારશ્રી ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે લીધેલ મુદ્દામાલ અંગે અગાઉ જો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવેલ છે અને અન્યથા બાકી રહેલ મુદ્દામાલ તેમજ તેનો સરસામાન અપીલ સમય વિત્યેથી ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નીકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે આરોપી પકડાય તો તેમના વિરૂધ્ધ નવેસરની ચાર્જશીટ ફાઈલ કરવુ.

હુકમ આજરોજ તા. ૦૯ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ જાહેર કર્યો.

તા. ૦૯–૦૯–૨૦૨૩

સ્થળઃ– સુરત.

(વિષ્ણુ ડી. દવે)
આઠમા એડી.જયુ. મેજી. ફ. ક., સુરત.
કોડ નં–GJ01646